# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 29-09-2024 Midday : 1.20 to 1.30
Day : Sunday National News

### આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

*******************************************************************

- મેક ઇન ઇન્ડિયા પહેલને કારણે ભારત ઉત્પાદન ક્ષેત્રનું મોટું કેન્દ્ર બની ગયું હોવાનું જણાવતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી.
- મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ એક પેડ મા કે નામ ઝૂંબેશમાં લક્ષ્યાંકથી વધુ વૃક્ષારોપણ કરનાર ગુજરાત સહિતનાં રાજ્યોની પ્રશંસા કરી.
- પ્રધાનમંત્રી આજે મહારાષ્ટ્રમાં 11 હજાર, 200 કરોડ રૂપિયાથી વધુની વિવિધ યોજનાઓનું લોકાર્પણ અને ખાતમહૂર્ત કર્યું.
- જમ્મૂ કાશ્મીરમાં ત્રીજા તબક્કા માટેની ચૂંટણીના પ્રચાર પડઘમ આજે સાંજે શાંત થશે.
- નેપાળમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા ભારે વરસાદને કારણે 100થી વધુના મોત.
- આજે વિશ્વભરમાં વિશ્વ હૃદય દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

*******************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## MAN KI BAAT 01

પ્રધાનમંત્રીએ જણાવ્યું છે કે, મેક ઇન ઇન્ડિયા પહેલને કારણે ભારત ઉત્પાદન ક્ષેત્રનું મોટું કેન્દ્ર બની ગયું છે. તેમણે જણાવ્યું કે, ગરીબો, મધ્યમવર્ગ અને સુક્ષ્મ, મધ્યમ તથા લઘુ એકમો-MSMEને આ ઝૂંબેશથી મોટો લાભ થઈ રહ્યો છે.

આજે આકાશવાણી પર મન કી બાતની 114મી કડી રજૂ કરતા પ્રધાનમંત્રીએ મેક ઇન ઇન્ડિયાની સફળતા પર ભાર મૂકતા જણાવ્યું કે, આ ઝૂંબેશની

સફળતામાં દેશનાં મોટા ઉદ્યોગો અને નાના દુકાનદારોનાં પ્રદાનનો પણ સમાવેશ થાય છે. તેનાથી નિકાસને વેગ મળ્યો છે અને સીધા વિદેશી રોકાણને પ્રોત્સાહન મળ્યું છે.

રોજગાર ક્ષેત્રનાં બદલાતા પરિમાણો પર નિર્દેશ કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, નવા ક્ષેત્રોનાં ઉદય સાથે રોજગાર ક્ષેત્રે પરિવર્તન આવી રહ્યું છે. તેમણે જણાવ્યું કે, પ્રતિભા અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા માટે માહિતી અને પ્રસારણ મંત્રાલયે 'ક્રિએટ્સ ઇન ઇન્ડિયા' વિષયવસ્તુ હેઠળ 25 પડકારો શરૂ કર્યા છે.

બીજી ઓક્ટોબરે સ્વચ્છ ભારત મિશનને 10 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ મિશનને સફળ ગણાવતા શ્રી મોદીએ જણાવ્યું કે, 'વેસ્ટ ટુ વેલ્થ' મંત્ર લોકપ્રિય બની રહ્યો છે.

(BYTE Swatchh Bharat mission)

એક પેડ મા કે નામ ઝૂંબેશમાં ભાગ લેવા લોકોને પ્રોત્સાહન આપતા પ્રધાનમંત્રીએ લક્ષ્યાંકથી વધુ વૃક્ષારોપણ કરનાર ગુજરાત, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને તેલંગાણાની સિધ્ધિની પ્રશંસા કરી હતી.

પ્રધાનમંત્રીએ જળ સંચયનાં મહત્વ પર ભાર મૂક્યો હતો. શ્રી મોદીએ કેચ ધ રેઇન અંગે વધુમાં આ મુજબ જણાવ્યુ...

(BYTE Water Conservation)

વિકાસ પણ વારસો પણ મંત્ર પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, તાજેતરમાં તેમનાં અમેરિકાનાં પ્રવાસ દરમિયાન આશરે 300 પ્રાચીન કલાકૃતિઓ સ્વદેશ પાછી લાવવામાં આવી છે.

(BYTE Heritage)

માતૃભાષાનાં મહત્વ અંગે પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, દેશમાં 20 હજારથી વધુ ભાષાઓ અને બોલી છે. તેમણે ખાસ કરીને સંથાલી ભાષાનાં જતન માટે કરવામાં આવેલા પ્રયત્નોને બિરદાવ્યા હતા.

પ્રધાનમંત્રીએ તેમના સંબોધનનાં પ્રારંભમાં જણાવ્યું કે, આ કાર્યક્રમ 10 વર્ષ પૂર્ણ કરી રહ્યો હોવાથી તેમનાં માટે આ હપ્તો ભાવુક કરનારો છે. 10 વર્ષ પહેલાં ત્રીજી ઓક્ટોબરે વિજયાદશમીનાં રોજ મન કી બાતનો પ્રારંભ થયો હતો.

તેમણે આકાશવાણી, દૂરદર્શન અને પ્રસારભારતી સાથે સંકળાયેલા કર્મચારીઓની પ્રંશસા કરી હતી.

(ઓડિયો – pm on AKASHVANI)

અંતમાં શ્રી મોદીએ દેશવાસીઓને નવરાત્રિથી શરૂ થઈ રહેલાં તહેવારોની શુભેચ્છા પાઠવી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# PM MAHARASHTRA PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રમાં 11 હજાર, 200 કરોડથી વધુની વિવિધ યોજનાઓનું વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા લોકાર્પણ અને ખાતમહૂર્ત કર્યું હતું.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ કહ્યું કે, ‘હાલમાં જિલ્લા અદાલતથી સ્વારગેટ સેક્શન રૂટનું લોકાર્પણ થયું છે. આ રૂટ પર પણ હવે મેટ્રો શરૂ થશે. આજના જ દિવસે ક્રાંતિજ્યોતિ સાવિત્રીબાઈ ફૂલે મેમોરિયલનો પાયો પણ રખાયો છે. સોલાપુરને હવાઈ જોડાણથી જોડવા હવાઈમથકને વધુ સુસજ્જ કરવાનું કામ પૂર્ણ કરાયું છે. અહીંથી ટર્મિનલ બિલ્ડીંગની ક્ષમતા વધારવામાં આવી છે.’ શ્રી મોદીએ તેમણે એક હજાર, 810 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર

થયેલ જિલ્લા અદાલતથી સ્વરગેટ સુધીની પુણે મેટ્રોનું ઉદ્ઘઘાટન કર્યું. ઉપરાંત પુણે મેટ્રોના બીજા તબક્કામાં સ્વરગેટ – કટરાજ એક્સ્ટેન્શન પ્રોજેક્ટનું ખાતમહૂર્ત કર્યું હતું. બે હજાર, 955 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર 5.4 કિલોમીટરનો આ મેટ્રો રુટ ભૂર્ગભમાં છે, જેના ત્રણ સ્ટેશનમાં માર્કેટયાર્ડ, પદ્માવતી અને કટરાજ સામેલ છે.

શ્રી મોદી રાષ્ટ્રીય ઔદ્યોગિક કોરિડોર વિકાસ કાર્યક્રમ અંતર્ગત સાત હજાર, 855 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ બિડકિન ઔદ્યોગિક વિસ્તાર દેશને સમર્પિત કર્યો. છત્રપતિ સાંભાજીનગરથી 20 કિલોમીટરના અંતરે આવેલો આ ઔદ્યોગીક વિસ્તાર, મરાઠાવાડા પ્રાંતમાં ઉજળી આર્થિક તકોનું કેન્દ્ર બનવાની સંભાવના ધરાવે છે. પ્રધાનમંત્રી સોલાપુર એરપોર્ટનું ઉદ્ઘાટન કર્યું, જેનાથી સોલાપુરના પ્રવાસીઓ, વેપારીઓ અને રોકાણકારો માટે પરિવહન સરળ બનશે. સોલાપુરમાં હાલના ટર્મિનલ બિલ્ડીંગનું વાર્ષિક આશરે 4.1 લાખ મુસાફરોને સેવા આપવા માટે નવીનીકરણ કરવામાં આવ્યું છે.

## J&K - CAMPAIGN END

જમ્મૂ કાશ્મીરમાં ત્રીજા તબક્કા માટે ચૂંટણી પ્રચારના પડઘમ આજે શાંત થશે. આ તબક્કામાં 40 બેઠકો પર મતદાન મંગળવારે મતદાન થવા જઈ રહ્યું છે. 40માંથી 16 બેઠકો કાશ્મીરની જ્યારે કે 24 બેઠકો જમ્મૂની છે.

આપને જણાવી દઈએ કે જમ્મૂ કાશ્મીરમાં ત્રણ તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાઈ છે. પહેલી તબક્કામાં 61 ટકા જ્યારે બીજા તબક્કામાં 56 ટકા મતદાન નોંધાયું હતું. મતગણતરી 8 ઑક્ટોબરના રોજ હાથ ધરાશે.

## NEPAL FLOOD

નેપાળમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા ભારે વરૃસાદને કારણે અત્યાર સુધીમાં 112 લોકા મોત થયા છે. પૂર અને ભૂસ્ખલનને કારણે અસંખ્ય લોકો ગૂમ થયાના અહેવાલ છે. રાજધાની કાઠમંડૂ અને આસપાસના વિસ્તારોમાં ભારે નુકસાન થયું છે. કાઠમંડૂના મોટાભાગનો વિસ્તારોમાં પાણી ફરી વળ્યા અને મોટાપાયે જાનમાલનું નુકસાન થયું છે.

વરસાદને કરાણે કાઠમંડૂમાં વિમાન, ટ્રેન અને વાહનવ્યવહાર ઠપ થયા છે. 12 ઇંચથી વધુ વરસાદને કારણે છેલ્લા ચોવીસ કલાકમાં 100થી વધુના મોત, જ્યારે કે અંસખ્ય લોકો ઘવાયા હોવાના અહેવાલ છે.

# REV - WORLD HEART DAY-RIJIJU

આજે વિશ્વભરમાં વિશ્વ હૃદય દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. દર વર્ષે 29મી સપ્ટેમ્બરે, આ દિવસ હૃદયરોગના રોગો વિશે જાગૃતિ લાવવા અને વૈશ્વિક સ્તરે હૃદયના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા માટે મનાવવામાં આવે છે. આ વર્ષની વિષય વસ્તુ ‘યુઝ હાર્ટ ફોર એક્શન’ છે જે લોકોને તેમના હૃદયની સંભાળ રાખવા અને તેમના સમુદાયોમાં સ્વસ્થ હૃદય રહી શકે તેવા વાતાવરણને પ્રોત્સાહન આપવા માટે સક્રિય પગલાં લેવા પ્રોત્સાહિત કરે છે.

આ પ્રસંગે કેન્દ્રીય લઘુમતી અને સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આજે નવી દિલ્હીમાં ઈન્ડિયા ગેટથી ભારત મંડપમ સુધીની 3 કિમીની મેરેથોનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું. તેમણે વિશ્વ હૃદય દિવસ નિમિત્તે લોકોને શુભેચ્છાઓ આપી અને તેમને હૃદયના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા અનુરોધ કર્યો.